માજી સૈનિકોના બાળકોને શૈક્ષણિક સવલતો આપવા માટેની આવક-મર્યાદાનું ધોરણ સુધારવા બાબત..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/મશબ/૨૦૯૦/૧૨૮/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯-૫-૧૯૯૭

વંચાણમાં લીધા:-

૧: શિક્ષણ વિભાગનો તા. ૨૭-૬-૭૮નો ઠરાવ ક્રમાંક/ડબ્લ્યુએસી/૧૦૭૪/૧૧૪૩૧/

૨: ઉ. શિ. કમિ. શ્રીનો તા. ૨૫-૨-૯૭નો પત્રાંક. ૯/૨/વોરક-સેસન/આવક-મર્યાદા/૯૬-૯૭/૨૧૬૨.

ઠરાવ ::-

ઉપર આમુખ ક્રમાંક (૧)માં જણાવેલ વિભાગના તા. ૨૭-૬-૭૮ના ઠરાવથી રાજ્યનાં માજી સૈનિકોના બાળકોને શૈક્ષણિક સવલતો આપવાના હેતુ માટેના વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂ. ૧૦,૦૦૦/- નિયત કરવામાં આવેલ છે. સદરહું આવક મર્યાદાનું ધોરણ સુધારી રૂ. ૨૫,૦૦૦/- નો કરવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા રજુઆત કરવામાં આવેલ. આમ આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજ્યના માજી સૈનિકોના બાળકોને શૈક્ષણિક સવલતો આપવા માટે તેમના કુટુંબના હાલની વાર્ષિક આવકનું ધોરણ રૂ. ૧૦,૦૦૦/- છે તે વધારીને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/- નિયત કરવાનું સરકારશ્રી ઠરાવે છે.

૨/- આ હુકમોનો અમલ શૈક્ષણિક વર્ષ સને. ૧૯૯૭-૯૮થી કરવાનો રહેશે.

૩/- આ અંગેનો ખર્ચ અંદાજપત્ર સદર માંગણી નં. ૯ મુખ્ય સદર -૨૨૦૨-સા. શિ.-૧૨- મુદ્દા ૨૦હત-૦૯-સહાયક અનુદાન-(ગ)અ-ચને હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે. સદરહું જોગવાઈની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૪.૨.૯૭ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સહી. એન. એમ. ચૌધરી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક/માધ્ય ૫/એબીસી/૮૨૬/૧૨૧૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ,
તારીખ. ૨૪-૬-૯૭.

નકલ જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિનસરકારી માધ્યમિક તથા ઉ.મા. શાળાઓ.
બિન સરકારી કોલેજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફ.

(હીરા/ચંદા)